Website : www.rakhewaldaily.com

ઉત્તર ગુજરાતનું સર્વ પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : ૨૫ ● અંક : ૨૬૮ ● તા. ૧૬-૧૧-૨૦૦૯ સોમવાર ● સંવત ૨૦૬૬ ● પાના : ૮ ● કિંમત રૂ. ૧-૫૦

આજે વાંચો

'સંજીવની પૂર્તિ'

દર્દ, દવા અને ડૉક્ટરના ક્ષેત્રનો વિપુલ વાંચન આપે છે... આપની તંદુરસ્તીની માર્ગદર્શક.....

દિલ્હીમાં એટીએફની કિલોલીટર દીઠ રૂા.૯૪૮નો વધારો થશે અને તે રૂા. ૪૦,૪૨૩ કિલોલીટર થશે. પહેલી નવેમ્બરે જો ફ્યુઅલની કિંમતમાં નવ ટકાનો વધારો કરાયો હતો.

## સરકારની તાનાશાહી સામે બિનરાજકીય સંગઠનો સક્રિય

અમદાવાદ

સરકારી પ્રશ્નો નહી ઉકેલાવાના વલણ સામે બિનરાજકીય સંગઠનોએ સક્રિય થવા ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં આ અંગે બેઠક બોલાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ બેઠક એલીસબ્રિજ વિસ્તારમાં વી.એસ. હોસ્પીટલ પાસે રંગોળી કોમ્પલેક્ષ ખાતે મળશે. હાલની સરકાર યૂનિયનની કોઇ પણ વ્યાજબી માંગણી સ્વીકારતી નથી. અને તેને ધાકધમકી આપીને દબાવી દે છે. સરકારની આ તાનાશાહી સામે જુદા-જુદા ૧૪૦ મંડળોએ એકઠા થઇ વિરોધ દર્શાવ્યો છે. આ મંડળોએ ડિસેમ્બરમાં પ્રથમ સપ્તાહ બેઠક બોલાવી હોવાનું જાણવા મળ્યું છે. આ બેઠકમાં

# ડીસા જૈનસંઘના ઉપક્રમે મુનિ ભગવંતોનાં માનમાં ગુણાનુવાદ સભા યોજાઇ

ડીસા

કારતક વદ ૯ દિવસની સવારે રાજસ્થાનની સડક પર એ ગોઝારી ઘટના બની. એક મહાન સંત જૈન મુનિ જંબૂવિજયજી મહારાજ, જેઓ ૮૭ વર્ષના ઉંમરે પણ પદયાત્રા કરી રહ્યા હતાં, તેમને એક વાહને ભયંકર રીતે અડફેટમાં લીધા એ મહાપુરુષ અને તેમના એક શિષ્યનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું.

બીજા બે મુનિઓ હોસ્પિટલાઈઝ્ડ થયા. હિંદુસ્તાનની જૈન-જૈનેતર પ્રજાએ આ ઘટનાથી આઘાત અનુભવ્યો. શ્રી ડીસા જૈન સંઘના અન્વયે એ મહાપુરુષના ગુણાનુવાદની



સભાનું આયોજન થયું. પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરિ

મહારાજ, પ.પૂ. ઉપાધ્યાયશ્રી મહાયશ વિજયજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજશ્રી ધુરંધર વિજયજી મ.સા. આદિ દ્વારા એ મહાપુરુષના ગુણાનુવાદ કરવામાં આવ્યા તથા આ પ્રસંગે જૈન સંઘ તથા સરકારના કર્તવ્યો પ્રત્યે સંકેત પણ કરવામાં આવ્યો. પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય દેવ શ્રીમદ્વિજય હેમચંન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પોતાના અંતરના ઉદગારોથી સભાને સંબોધિત કરતા કહ્યુ હતું કે પ.પૂ.જંબૂવિજયજી મહારાજે પોતાનું સમગ્ર જીવન પ્રભુવચન ખાતર સમર્પિત કરી દીધુ હતુ. શુષ્ક જ્ઞાન હોય તો એ કદાચ નુકશાન પણ કરે.

અનુસંધાન પાના નં.૨